PTRC PEOPLES TRAINING & RESEARCH CENTRE
43, Shrinathdham Duplex, Dinesh Mill - Urmi Road, VADODARA - 390 007
Telefax - 0265 - 2345576, Email : ptrcvdr@yahoo.co.in, Website : www.peoplestraining.org.

# વાર્ષીક અહેવાલ ૨૧-૨૨

**સારાંશઃ**

કોરોનાનો કહેર ૨૦૨૧માં પણ ચાલુ રહ્યો. કોરોનાને ફેલાતો અટકાવવાના હેતુસર કેન્દ્ર અને રાજય સરકરોએ માર્ચ ૨૦૨૦ના અંતમાં મુકેલા નીયંત્રણો વધુ ઓછા અંશે ચાલુ રહ્યા, ડર પણ રહ્યો, અમુક સમયગાળા પુરતા કયાંક નીયંત્રણો ઢીલા કરવામાં આવે તો ફરી કેસ વધતાં નીયંત્રણો સખ્તાઇથી લાગુ કરવાનું ચાલુ રહ્યું. તે કારણે કામ પર અસર પડી.ગતી ધીમી રહી પણ કામ તો કર્યું.

વળી, કેન્દ્ર સરકારે ફોરેન કોન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન કાયદા હેઠળ નોંધણી પામેલી સ્વૈચ્છીક સંસ્થાઓને માટે દીલ્હીની સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયાની મુખ્ય શાખામાં ખાતું ખોલાવવાનું ફરજીયાત કર્યું. તે માટે કોરોનાના નીયંત્રણો હેઠળ પણ દોડાદોડ કરવી પડી અને જુન મહીનામાં ખાતું ખુલી જતાં રાહત થઇ.

ઇન્કમ ટેકસ કાયદામાં સરકારે કરેલા ફેરફારને કારણે ફરી સંસ્થાની નોંધણી કરી ૮૦-જીની રાહત માટે ફરી અરજી કરવાની થઇ અને તેની પ્રક્રીયા પુરી કરીને અરજી જમા કરી.

તે પછી ફોરેન કોન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન કાયદા હેઠળની નોંધણીની સમય મર્યાદા પુરી થતી હતી તેથી નોંધણી તાજી કરાવવાની હતી તેની પ્રક્રીયામાં ઘણો સમય ગયો અને તે કામ પણ સફળતાપુર્વક થઇ ગયું. વર્ષના છેલ્લા દીવસે - ૩૦ માર્ચના રોજ - સંસ્થાની નોંધણી તાજી કરતું પ્રમાણપત્ર મળી ગયું.

આ કારણે આપણે એકાદ અપવાદ બાદ કરતાં વીદેશી ગ્રાન્ટ/દાન પણ લઇ શકયા નહી કહો કે ટાળ્યું.કોરોના અને આ સરકારી પ્રક્રીયાઓને ıકરણે સંસ્થાની આવકમાં ભારે ઘટાડો નોંધાયો.

થાનના સીરામીક એકમોના કામદારો સીલીકોસીસનો ભોગ બનતા હોય છે. તેમની સાથે ૨૩/૦૧/૨૧ને રોજ બેઠક કરી હતી જેની વીગત ગત વર્ષના વાર્ષીક અહેવાલમાં રજુ કરી હતી. આ બેઠકને અંતે નીર્ણય લીધો હતો કે આપણે ૧૦૦૦ કામદારોને આવરી લેતો એક અભ્યાસ કરવો. તેની શરુઆત ગત નાણાંકીય વર્ષમાં કરી દીધી હતી. અહેવાલના વર્ષમાં તે અભ્યાસ પુરો કરી તેનો અહેવાલ આપણે પ્રગટ કરી શકયા અને તેને આધારે રજુઆતો કરવાનું શરુ કર્યું અને રજુઆતોના હકારાત્મક પરીણામો મળવાના શરુ થયા છે.

રાષ્ટ્રીય માનવ અધીકાર પંચ સમક્ષની ફરીયાદોમાં અનુકાર્ય ચાલુ રાખ્યું. જો કે વર્ષ દરમીયાન આપણે એક પણ નવી ફરીયાદ નોંધાવી નહી.

૨૦૧૭માં નામદાર સુપ્રીમ કોર્ટે જાહેર હીતની અરજી ૧૧૦/૨૦૦૬ના કામે કરેલ હુકમ મુજબ દરેક રાજયએ સીલીકોસીસને કારણે થયેલા મૃત્યુમાં રુ.૩/-લાખની સહાય આપવાની રહે છે. તે હુકમના અમલ માટે સંસ્થા રાજય સરકાર સમક્ષ ૨૦૧૭થી જ રજુઆતો કરતી રહી છે પણ સફળતા મળી નથી. સદર જાહેર હીતની અરજીમાં પંચ પણ એક અરજદાર છે તેથી એમને પણ આપણે દરમીયાનગીરી કરવા લખ્યું.

વીવીધ સંસ્થાઓ દ્વારા આયોજીત થતા વેબીનારોમાં હાજરી આપી આપણે બહારની દુનીયા સાથે જોડાયેલા રહેવાનો પ્રયાસ કર્યો. માધ્યમોમાં અને એ દ્વારા જાહેર જનતા સુધી આપણી સમસ્યાઓ અને આપણા પ્રયાસોના ખબર પહોંચાડતા રહેવાના પ્રયાસ જારી રહ્યા. કોરોનાને કારણે પ્રવાસ ઓછા થયા તેનો લાભ લઇ સલામતીના તમામ અંકો તેમજ સંસ્થાના પ્રકાશનો સ્કેન કરીને સોફટ કોપી તૈયાર કરવાનું ભગીરથ કામ કરી શકાયું.

વર્ષ દરમીયાન અમને રુ.૨,૯૮,૭૩૬/- ગ્રાન્ટ, દાન અને વ્યાજ પેટે મળ્યા અને અમે સંસ્થાના હેતુઓ માટે રુ.૫,૦૮,૭૫૭.૬૦નો ખર્ચ કર્યો.

**સીલીકોસીસના દર્દીને શોધવાની મથામણ:**

અહેવાલના વર્ષ દરમીયાન સીલીકોસીસના નવા ૧૧ દર્દી મળ્યા અને ૧૦ દર્દી મૃત્યુ પામ્યા. વર્ષ દરમીયાન ૨૦૧૩ કામદારોનો સંપર્ક કર્યો. તેમાં ૭૪૨ કામદારોનો સીલીકોસીસ માટે અને બાકીનાનો સર્વે માટે સંપર્ક કર્યો. આપણા કર્મચારીએ થાનની ૧૧૧, ધ્રાંગધ્રાની ૪૨, મોરબીની ૬, રાજકોટની ૮ મુલાકાત લીધી. તે ઉપરાંત સતાપર, પીયાવા, વાવડી, વાંકાનેર, મુળચંદ, રાજપર, ચુલી, દેવચરાડી વીગેરે ગામોની પણ મુલાકાત લીધી. આ મુલાકાતો નવા દર્દીઓને શોધવા ઉપરાંત થાનમાં ઇએસઆઇ અને અન્ય મજુર કાયદાઓનો કામદારોને કેટલો લાભ મળે છે તેના અભ્યાસ માટે પણ હતી. આ મુલાકાતો દરમીયાન સંસ્થાનો પરીચય આપવામાં આવે છે, સીલીકોસીસનો પરીચય આપવામાં આવે છે, સંસ્થાના પ્રકાશનો વહેંચવામાં આવે છે. આમ આ મુલાકાતોને કારણે વ્યવસાયીક રોગો વીશેની સમજ પણ આ વીસ્તારોમાં વધતી રહે છે.

૭ સપ્ટેમ્બરે જગદીશ પટેલે ધ્રાંગધ્રામાં મજુર સંઘના હોલમાં સીલીકોસીસ પીડીતો સાથે બેઠક કરી. ૮/૯/૨૧ને રોજ થાનની મુલાકાત લઇ પીડીતોની ખબર લીધી.૨૯ ઓકટોબરે ફરીથી ધ્રાંગધ્રામાં  મીટીંગ કરી.દીપકભાઇએ ધ્રાંગધ્રામાં ૨ જાન્યુઆરીએ પીડીતો સાથે મીટીંગ કરી. ધ્રાંગધ્રા પીડીત સંઘની દર મહીને એક વાર - શકય હોય તો અમાસને દીવસે સાંજે – આનંદ સોમપુરાની લાતીમાં બેઠક કરવાના લીધેલા નીર્ણયનો અમલ થતો રહ્યો. આ બેઠકોમાં સરેરાશ ૮-૧૦ પીડીતોની હાજરી રહે છે.



૨૦ નવેમબરે અમદાવાદના પત્રકાર શ્રી દર્શન દેસાઇ તેમજ તેમના સાથીએ અમારી સાથે થાનની મુલાકાત લીધીજ્યાં તેમાણે પીડીતો સાથે વાત કરી. ૨૧નવેમ્બરે મોરબી જઇ સીમ્પોલોના એકમની મુલાકાત લઇ તેમના અધીકારી સાથે મુદ્દાઓની ચર્ચા કરી. તે પછી કેટલાક સીલીકોસીસ પીડીતોની મુલાકાત લીધી અને તેમને માર્ગદર્શન આપ્યું. ૨૨ નવેમ્બરે ધ્રાંગધ્રામાં પીડીતો સાથે મીટીંગ કરી, ઇએસઆઇ દવાખાનાની તેમજ ડો.રમેશ રાવલની મુલાકાત લીધી. ૨૩મીએ સુરેન્દ્રનગરની એમ.એસ.ડબ્લ્યુ કોલેજમાં સીલીકોસીસ અંગે વીદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન આપ્યું.

૧૫ ફેબ્રુઆરીએ જગદીશ પટેલે થાનની મુલાકાત લઇને પીડીતોને મળી તેમની સાથે તેમને ઇએસઆઇમાંથી લાભ મેળવવા માટે માર્ગદર્શન આપ્યું. ૧૬ ફેબ્રુઆરીએ સુરેન્દ્રનગરમાં કારાવી નીગમના કાર્યાલયની મુલાકાત લઇ થાનના કામદારોના ઇએસઆઇના સવાલોની ચર્ચા કરી. તે પછી સ્થાનીક મજુર કમીશનર કચેરી અને ઔદ્યોગીક સલામતી અને આરોગ્ય કચેરીની પણ મુલાકાત લીધી. જો કે અધીકારી હાજર ન હતા પણ ફોન પર વાત થઇ. સીલીકોસીસને કારણે જેમના મૃત્યુ થયા હોય તેમના કુટુંબોએ રુ.૧ લાખની સહાય માટે દાવો કર્યો હોય તેમને રકમ મળી ન હોય તે માટે

જરુરી ફોલોઅપ કર્યુ. તે સાંજે ધ્રાંગધ્રા ખાતે પીડીતો સાથે માસીક મીટીંગમાં ભાગ લીધો. ધ્રાંગધ્રા ખાતેની બેઠકોમાં સ્થાનીક રાજકીય આગેવાન તેમજ ચુંટાયેલા ધારાસભ્યની મુલાકાત કરી રજુઆત કરવાના કાર્યક્રમની ચર્ચા થતી રહી. તે માટે આવેદન પત્ર પર કામદારોના હસ્તાક્ષર થયા પણ નેતાની મુલાકાત અનેક પ્રયાસો પછી પણ થઇ ન શકી. ૧૭મીએ ફરી થાન ગયા અને કામદારો સાથે વાત કરતાં માહીતી મળી કે કારાવી નીગમ (ઇએસઆઇ કોર્પોરેશન) દ્વારા સંસ્થાએ પોતાની માનવ અધીકાર પંચ સમક્ષની ફરીયાદમાં જે ૩૮ કામદારોની માહીતી આપી છે તેમની મુલાકાત કરી માહીતી મેળવવાનું શરુ કર્યુ છે. ૧૮મી એ રાજકોટ સીવીલમાં ફેફસાંના રોગોના અધીક્ષક ડો. વીઠલાણીની શુભેચ્છા મુલાકાત લઇ સમસ્યાની ચર્ચા કરી. સાંજે મજુર મઢીમાં સ્થાનીક સલાહકાર સમીતી સાથે બેઠક કરી.



માર્ચ મહીનાના અંતમાં ઇએસઆઇ કોપોરેશન,અમદાવાદ કાર્યાલયના કેટલાક અધીકારીઓ થાન તપાસ માટે આવ્યા ત્યારે આપણા કાર્યકર શ્રી દીપક રાઠોડ તેમની સાથે રહ્યા અને તેમને જરુરી મદદ કરી.

**ખંભાતઃ**

૧૩ ઓકટોબરે ખંભાતના વાસણામાં સવીતાબેન ચીમનભાઇ વાઘરીની મુલાકાત લીધી. તેમના પતીનું સીલીકોસીસને કારણે અવસાન થયા બાદ તેમને રુ.૧/- લાખની સહાય મળી હતી પરંતુ માનવ અધીકાર પંચની અન્ય ફરીયાદમાં થયેલી ભલામણ મુજબ બીજા રુ.૩/- મળ્યા ન હોવાની ફરીયાદ એમણે સંસ્થાને કરી હતી. તે સંદર્ભે સંસ્થાએ માનવ અધીકાર પંચ સમક્ષ ફરીયાદ દાખલ કરી હતી જેમાં પંચે રાજ સરકારને ઘટતાં પગલાં લેવા ભલામણ કરી હતી. સદર મુલાકાત દરમીયાન જાણવા મળ્યું કે રાજય સરકારે કોઇ પગલાં લીધાં નથી તેથી તેમની પાસેથી એ મુજબનું લખાણ મેળવી પંચને જાણ કરી.

મીતેશભાઇ મહીડાને ખંભાતમાં ૨૦૧૭ પછી સીલીકોસીસને કારણે કેટલા મૃત્યુ થયા, કેટલાને સહાય મળી, કેટલા હાલ જીવીત છે વીગેરે અંગે માહીતી એકઠી કરવાનું કામ આપ્યું. તેમણે પોતાનો અહેવાલ રજુ કર્યો તે પછી તા.૨૭ જાન્યુઆરીએ તેમની સાથે પીડીતોની મુલાકાત કરીને તેમની પાસેના દસ્તાવેજો જોયા.

૧૪ ફેબ્રુઆરીએ મીતેશભાઇ સાથે ખંભાતની મુલાકાત લીધી. ખંભાત મ્યુનીસીપાલીટીને સંસ્થાના કામ માટે જગ્યા આપવા માટે લેખીત અરજી આપી હતી. તે માટે મ્યુનીસપાલીટીમાં જઇને અધીકારીઓ અને ચુંટાયેલા સભ્યોની  મુલાકાત કરી.

ખંભાત ખાતે વારીસ અલી નામના સીલીકોસીસ પીડીતનું અવસાન થયાના સમાચાર સ્થાનીક સ્વયંસેવકે તા.૪ માર્ચને રોજ આપ્યા. તેમની આર્થીક હાલ એટલી ખરાબ કે અંતીમક્રીયા કરવા જેટલી રકમ પણ કુટુંબ પાસે નહી. કુટુંબમાં એક માત્ર ઘરડી માતા. સ્વયંસેવકે વાત કરતાં તાત્કાલીક રુ. ૫૦૦૦/-ની સહાય મોકલી આપી.

૨૯ માર્ચને રોજ ખંભાતની મુલાકાત લઇ ઉંચપરમાં શ્રી કીશન ભીલ,કમલેશ કાળીદાસ, લલીતાબેન વીગેરે પીડીતોની મુલાકાત લીધી.

**રાજકોટ સીવીલઃ**

જે કામદારો ઘણા સમયથી સીલીકાની રજના સંપર્કમાં આવતા હોય પણ હજુ સીલીકોસીસનું નીદાન થયું ન હોય અથવા માત્ર ટીબીનું નીદાન થયું હોય, વારંવાર ટીબીની દવાના કોર્સ કર્યા હોય અને છતાં સારું થતું ન હોય તેવા કામદારોને સંસ્થાને ખર્ચે રાજકોટ સીવીલમાં નીદાન કરાવવા લઇ જવાનો કાર્યક્રમ આપણે ઘડયો. કોરોનાને કારણે લાંબા સમયથી તે કાર્યક્રમનો અમલ થઇ શકતો ન હતો.  આખરે તા.૩૦ ડીસેમ્બરે દીપકભાઇ રાઠોડ ૭ દર્દીઓને લઇને રાજકોટ સીવીલમાં નીદાન માટે લઇ ગયા. વીગત નીચે મુજબ છેઃ



| તારીખ | ધ્રાંગધ્રાના દર્દી | થાનના દર્દી | મોરબીના દર્દી | અન્ય સ્થળના દર્દી | કુલ | સીલીકોસીસનું નીદાન થયું હોય તેવા દર્દીઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૩૦/૧૨/૨૧ | ૦૭ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૭ | ૦૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૦/૦૧/૨૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ |
| ૧૮/૦૧/૨૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૧૦/૦૩/૨૨ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૦ |
| | ૧૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૩ | ૦૦ |

**હીમાયતઃ**

સુપ્રીમ કોર્ટમાં હાલ સુનાવણી ચાલી રહી છે તે જાહેર હીતની અરજી ૧૧૦/૨૦૦૬ તે કામે નામદાર કોર્ટે ૧૧/૦૪/૨૦૧૭ને રોજ આપેલા ચુકાદા મુજબ સીલીકોસીસને કારણે મૃત્યુ પામતા કામદારોના કુટુંબોને રુ.૩/- લાખનું વળતર રાજય સરકારે ચુકવવાનું રહે છે. સદર હુકમનો અમલ હજુ ગુજરાતમાં થતો નથી. તે માટે સંસ્થાએ ૨૦૧૭થી જ રજુઆતો કરવાનું શરુ કર્યુ હતું. અહેવાલના વર્ષ દરમીયાન જે રજુઆતો કરી તેની વીગત નીચે મુજબ છે. આપ જોઇ શકશો કે આ બાબત માધ્યમો દ્વારા પણ પ્રચાર કર્યો છે.

તા.૨૩/૦૯/૨૧ને રોજ રાજયના ગવર્નરશ્રીની મુલાકાત મેળવવા પત્ર લખ્યો પણ તેનો કોઇ જવાબ આવ્યો નહી. ૧૯/૧૦/૨૧ને રોજ રાજયના શ્રમ અને રોજગાર મંત્રીને રુબરુ મુલાકાત આપવા પણ પત્ર લખ્યો તેનો પણ કોઇ જવાબ આવ્યો નહી.

| અનુક્રમ | કોને રજુઆત કરી | તારીખ |
|---|---|---|
| ૧ | મુખ્ય સચીવ, ગુજરાત રાજય | ૧૨/૦૬/૨૧ |
| ૨ | મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજય | ૦૭/૦૮/૨૧ |
| ૩ | રાષ્ટ્રીય માનવ અધીકાર પંચ, દીલ્હી | ૧૦/૧૦/૨૧ |
| ૪ | શ્રી મયુર રાવલ, ધારાસભ્ય, ખંભાત | ૧૨/૦૩/૨૨ |

**કાનુની કામઃ**

**રાષ્ટ્રીય માનવઅધીકાર પંચ સમક્ષની ફરીયાદોઃ**

સુરેન્દ્રનગર, રાજકોટ અને મોરબી જીલ્લાના સીલીકોસીસને કારણે થયેલા ૨૮ મોત અને સીલીકોસીસનો ભોગ બનેલા ૫૭ કામદારોને સહાય મળે તે માટે રાષ્ટ્રીય માનવ અધીકાર પંચ સમક્ષ ૨૦૧૯ અને ૨૦૨૦ દરમીયાન દાખલ કરેલી ફરીયાદોમાં વર્ષ દરમીયાન ધીમી પ્રગતી થઇ છે. દાખલ કરેલી ફરીયાદોની વીગત નીચે મુજબ છેઃ

| અનુક્રમ | ફરીયાદ નંબર | જીલ્લો | મૃત્યુ | જીવીત | ફરીયાદ દાખલ કર્યા તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૨૭૮/૬/૦/૨૦૧૯ | મોરબી | ૩ | ૩ | ૨૦/૦૯/૧૯ |
| ૨ | ૧૨૧૭/૬/૨૪/૨૦૧૯ | સુરેન્દ્રનગર | ૮ | ૨૬ | ૨૦/૦૯/૧૯ |
| ૩ | ૧૨૧૮/૬/૨૧/૨૦૧૯ | રાજકોટ | ૨ | ૩ | ૨૦/૦૯/૧૯ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪ | ૧૦૬૭/૬/૩/૨૦૨૦ | આણંદ | ૧ | ૦ | ૨૮/૦૭/૨૦ |
| ૫ | ૬૨૪/૬/૨૪/૨૦૨૦ | સુરેન્દ્રનગર | ૧ | ૦ | ૨૭/૦૭/૨૦ |
| ૬ | ૬૪૧/૬/૨૪/૨૦૨૦ | સુરેન્દ્રનગર | ૧ | ૦ | ૨૮/૦૭/૨૦ |
| ૭ | ૬૭૧/૬/૨૪/૨૦૨૦ | સુરેન્દ્રનગર | ૧૨ | ૨૫ | ૦૫/૦૮/૨૦ |
| | કુલ | | ૨૮ | ૫૭ | |

ચાલુ ફરીયાદો પૈકી થાનની ફરીયાદમાં ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર ખાતા હેઠળના નીયામક, ઔદ્યોગીક સલામતી અને આરોગ્ય વીભાગ દ્વારા જે જવાબ કરવામાં આવ્યો તેમાં તેમણે ઇ.એસ.આઇને પણ પ્રતીવાદી તરીકે ઉમેરવા માગણી/વીનંતી કરી જે પંચે ગ્રાહ્ય રાખીને અમદાવાદના કારાવી નીગમના ક્ષેત્રીય નીયામકને નોટીસ મોકલી. તે સંદર્ભે નીગમ દ્વારા કાર્યવાહી શરુ થઇ.

જંબુસરના સીલીકોસીસ પીડીતો સંદર્ભે પંચ સમક્ષ કરેલી ફરીયાદ નં.૪૯૯/૬/૫/૨૦૧૦માં પંચે ભરુચ કલેકટરને એમ સુચના આપી ફરીયાદ બંધ કરીહતી કે તેમણે રાજસ્થાન સરકાર સમક્ષ આ મુદ્દે રજુઆત કરવી. ઘણા પ્રયાસ બાદ આપણે ભરુચ કલેકટર પાસે એ મુજબ રજુઆત કરાવી હતી પણ કશું ફળદાયી પરીણામ આવ્યું ન હતું. તે બાબત રાજસ્થાનના મુખ્યમંત્રીને ઉદ્દેશીને જુન,૨૧માં પત્ર લખ્યો.

કામદાર રાજય વીમા નીગમના વાર્ષીક અહેવાલનો ઝીણવટભર્યો અભ્યાસ કર્યો ત્યારે સમજાયું કે તેમના દ્વારા સીલીકોસીસનું નીદાન પામનારાઓની સંખ્યા હજારોમાં છે. આ તમામને વળતર ચુકવાયું કે કેમ તેની ખાતરી રા.મા.અધીકાર પંચે કરવી જોઇએ તેમ લાગતાં પંચને તા.૦૯/૦૮/૨૧ ને રોજ પત્ર લખી રજુઆત કરી પરંતુ તેનો કોઇ પ્રતીભાવ મળ્યો નહી.

સુરેન્દ્રનગર જીલ્લાની આપણી તમામ ફરીયાદોનું એકત્રીકરણ કરવાની માગણી કરતી રજુઆત પણ આપણે કરી અને તેનો પણ કોઇ જવાબ આવ્યો નહી.

**અતીથીઃ**


- ૧ ડીસેમ્બરે એન.આઇ.ઓ.એચ.ના તબીબી અધીકારી ડો.મીહીર શાહે પીટીઆરસીની મુલાકાત લીધી અને વ્યવસાયીક રોગોના નીદાન બાબત ચર્ચા કરી.
- ઇન્દોરના જાણીતા સામાજીક કાર્યકર અમુલ્ય નીધીએ ૨૩ ડીસેમ્બરે ખંભાતની મુલાકાત લીધી અને સીલીકોસીસ પીડીતોને મળી સમસ્યા વીશે સમજ કેળવી

**મુલાકાતઃ**

- ✓ ૩૧ ડીસેમ્બરે વડોદરામાં સામાજીક કાર્યકર શ્રી રમેશ પંચાલને ઘરે જઇ સંસ્થાના પ્રકાશનો ભેટ આપી સંસ્થાનો પરીચય આપ્યો.
- ✓ ૨૯ જાન્યુઆરીને રોજ વડોદરા ખાતે લોર્ડ ભીખુ પારેખની શુભેચ્છા મુલાકાત લીધી. ૨૦૦૯માં “સલામતી”ના ૧૦૦મા અંકનું વીમોચન તેમના હાથે કરાવેલું તેની યાદ તાજી કરી. સંસ્થાના નવા પ્રકાશન તેમને ભેટ આપ્યા.
- ✓ ૬ માર્ચના રોજ વડોદરામાં મુસ્લીમ ડોકટર્સ એસોસીએશનના અગ્રણી ડો.મહંમદ હુસેનની મુલાકાત લઇ તેમને સંસ્થાના પ્રકાશનો આપ્યા અને તેમના સભ્યો સાથે વ્યવસાયીક આરોગ્ય અંગે બેઠક રાખવાની દરખાસ્ત કરી.
- ✓ ૭ માર્ચના રોજ આણંદ જીલ્લા ટીબી અધીકારી ડો.ફુલમાળીની મુલાકાત લઇ માહીતી મેળવી.

- ✓ ૧૪ માર્ચને રોજ વડોદરા ખાતે ડો.અનીલ પટેલની મુલાકાત લઇ તેમને સંસ્થાના પ્રકાશનો ભેટ આપી પરીચય આપ્યો. તેમની સંસ્થાની માહીતી મેળવી
- ✓ ૧૫ માર્ચને રોજ વડોદરા ખાતે ઝુબેર ઝાબુઆવાળાના કાર્યાલયમાં તેમની મુલાકાત લઇ તેમને સંસ્થાના પ્રકાશનો ભેટ આપી તેમના કામની માહીતી મેળવી.
- ✓ ૨૬ માર્ચને રોજ રતનપુર યુવા શીબીરમાં હાજરી આપવા જવાનું થયું ત્યારે શ્રી બીનીત મોદી, મુદીતા વીદ્રોહી, હીદાયત પરમાર, જાગૃતી ઠક્કર, લોક નીકેતન સંસ્થાના શ્રી કીરણ ચાવડા વીગેરેને સંસ્થાના પ્રકાશનો ભેટ આપ્યા.

**સંશોધનઃ**




- થાનના ૧૦૦૦ જેટલા સીરામીક કામદારોને સામાજીક સુરક્ષાના લાભ મળે છે કે કેમ તેનો અભ્યાસ કર્યો અને તેનો અહેવાલ તૈયાર કરી સરકારને તેમજ ઇએસઆઇ કોર્પોરેશનને તેમજ માનવ અધીકાર પંચને મોકલ્યો. (અહેવાલની નકલ વીનામુલ્યે ઉપલબ્ધ છે. વીનંતી કરતાં મોકલી અપાશે.)

- કારખાનાઓમાં કાર્યસ્થળનું વાતાવરણ ત્યાં કામ કરતા કામદારોના આરોગ્ય પર માઠી અસર પહોંચાડતું હોય છે તેથી આ વાતાવરણ કેવું છે તેના પર દેખરેખ રાખવી જરુરી છે. કારખાના કાયદામાં તે માટે શીડયુલ-૨ની જોગવાઇ કરવામાં આવી છે અને રાજ્યના કારખાના નીયમોમાં ફોર્મ ૩૭માં વાતાવરણના માપનની માહીતી આપવાની હોય છે. સદર જોગવાઇના પાલન પર દેખરેખ રાખવા વડોદરા ઔદ્યોગીક સલામતી અને આરોગ્ય વીભાગ હેઠળ ઇન્ડસ્ટ્રીયલ હાયજીન લેબોરેટરીની સ્થાપના કરવામાં આવી. સદર લેબોરેટરીએ ૨૦૧૭/૨૧૦૮/૨૦૧૯ દરમીયાન કેટલા એકમોની મુલાકાત લીધી, કેટલા નમુના લીધા, તે નમુના પૈકી કેટલામાં કાયદાભંગ જોવા મળ્યો, કાયદાભંગ દેખાયો હોયત્યાં શું પગલાં લેવામાં આવ્યા, તે કારણે કેટલા કામદારો વ્યવસાયીક રોગનો ભોગ બન્યા વીગેરે માહીતી માહીતી અધીકાર કાયદા હેઠળ મેળવી, મળેલી માહીતીનું પૃથકકરણ કરવામાં આવ્યું અને અહેવાલ તૈયાર કરવામાં આવ્યો.

- કામદાર રાજ્ય વીમા નીગમના વાર્ષીક અહેવાલ જોઇ તેની વગિતોને આગળના વર્ષ સાથે તુલનાત્મક અભ્યાસ કર્યો અને તેને આધારે લેખ તેયાર કર્યો.

## ઇ.એસ.આઇ.ની સેવાઓ મેળવવામાં કામદારોની મદદઃ

ઇ.એસ.આઇ.કોર્પોરેશન દ્વારા ફરીયાદ નીવારણ માટે દર મહીનાના પહેલા બુધવારે આખા દેશના બધા કાર્યાલયોમાં “સુવીધા સમાગમ” નામે બેઠકોનું આયોજન કરવામાં આવતું હતું. આ બેઠકોમાં વીમા કામદાર અથવા તેમના પ્રતીનીધી ફરીયાદ લઇને જઇ શકે. સંસ્થાને મળતી ફરીયાદો સંદર્ભે સંસ્થા નીયમીત આ બેઠકોમાં ભાગ લેતી હતી પરંતુ કોવીડ દરમીયાન આ બેઠકો બંધ કરવામાં આવી. કયારેક ઓનલાઇન બેઠક ગોઠવાતી ત્યારે એ બેઠકોમાં ઓનલાઇન હાજરી આપી. એ સીવાય ઇમેઇલ કે વોટસએપનો ઉપયપગ કરી ફરીયાદ મોકલતા રહ્યા અને ફોલોઅપ કરતા રહ્યા.

- એપ્રીલ મહીનામાં એક ફરીયાદ મળી કે ઇએસઆઇમાંથી ડાયાબીટીસના દર્દીને ઇન્સ્યુલીનની ભલામણ તબીબે કરી હોવા છતાં ઇન્સ્યુલીન આપતા નથી પણ કામદારને ચોકકસ વીગત મોકલવા કહ્યું તો વીગત મોકલી નહી. તેથી એ ફરીયાદ મોકલી શકાઇ નહી.
- મે મહીનામાં હાલોલના એક કામદાર આવ્યા. તેમને કોરોના થયો હતો અને તે સબબ ખાનગી હોસ્પીટલમાં સારવાર લીધી હતી. ઇએસઆઇ દ્વારા કરવામાં આવેલી જાહેરાત મુજબ આવા દર્દી સારવારનો ખર્ચ મેળવી શકે છે. તેમણે સારવાર ખર્ચ માટે દાવો કર્યો.તેમને અરજી લખી આપી અને નીગમના અધીકારી સાથે એ માટે વાત પણ કરી.
- જુન મહીનામાં ફરીયાદ મળી કે વાઘોડીયાના એક એકમમાં એક કામદારને અકસ્માતમાં હાથના આંગળા કપાઇ ગયા છે પણ વળતર મળ્યું નથી. તે કામદારની વીગત મેળવી ફરીયાદ મોકલી.લોકલ ઓફીસના મેનેજરે કહ્યું કે કોન્ટ્રાકટર મળતા નથી. પછી એ તપાસ કરવા ગયા અને તપાસ બાદ જણાવ્યું કે અકસ્માત એ સ્થળે થયો જ નથી. કામદાર ગભરાયેલા હતા અને વાત આગળ વધારવા માગતા ન હતા. તેમના અ-સહકારને કારણે આપણે વાત આગળ વધારી શકયા નહી.

- જુલાઈમાં વારસીયા લોકલ ઓફીસ તેમજ વીમા દવાખાનાની મુલાકાત લીધી. દવાખાનામાં ઠેર ઠેર પાણી પડતું હોવાને કારણે પ્રીન્ટર પર કોથળો લપેટીને રાખવો પડે તેવી સ્થીતી જોઇ.
- ૧૨ ઓગષ્ટને દીવસે વડોદરા ઇએસઆઇ કોર્પોરેશન દ્વારા કોવીડમાં મૃત્યુ પામેલા વીમા કામદારોના કુટુંબીજનોને ચેક વીતરણ કાર્યક્રમમાં અતીથી વીશેષ તરીકે હાજરી આપી, ઉપસ્થીત સમુદાયને તેના મહત્ત્વ વીશે સમજ આપતાં જણાવ્યું કે આ જીવન વીમો નથી અને તેમ છતાં નીગમ દ્વારા આ લાભ અપાઇ રહ્યો છે તેનું ઘણું મહત્ત્વ છે.
- થાનના કામદારોને ઇએસઆઇ હેઠળ આવરી લેવા સંદર્ભે કરેલા અભ્યાસનો અહેવાલ આપને ક્ષેત્રીય નીદેશક, કારાવી નીગમ, અમદાવાદને તા.૨/૧૨/૨૧ને રોજ મોકલી આપ્યો. તા. ૦૨/૧૨/૨૧ને રોજ રાજયના શ્રમ મંત્રીને પણ પત્ર લાખી તે અહેવાલની નકલ મોકલી. તે પછી વડાપ્રધાનના કાર્યાલયને ઓન લાઇન ફરીયાદ કરતાં અમદાવાદ કારાવી નીગમ દ્વારા સંસ્થાને એવો પત્ર મોકલવામાં આવ્યો કે કયા એકમો કાયદાનો અમલ નથી કરતા અને કયા કામદારોનો ફાળો કપાતો નથી તેની વીગત આપો. આપણે જે અભ્યાસ કર્યો તેમાં ભાગ લેનારા કામદારોની વીગત ગુપ્ત રાખવાનું આપણે કામદારોને વચન આપ્યું હોવાને કારણે કામદારોની વીગત તો આપી શકાય નહી પણ જે એકમોમાં એ કામદારો કામ કરતા હતા તે એકમોના નામની યાદી આપણે એમને આપી શકીએ. હવે ૩૩ વર્ષ પહેલાં રાજ્ય સરકારે સદર કાયદા હેઠળ જે જાહેરનામું પ્રગટ કર્યું હતું તે મુજબ થાન મ્યુનીસીપાલીટીની હદમાં આવતા એકમોને સમાવવાના હતા. તે પછી ઔદ્યોગીક વીકાસ એટલો થયો કે કયા એકમ હદમાં છે અને કયા એકમ હદની બહાર છે તે આપણને ખબર ન હોય તેથી આપણે ચોકકસ પણે કહી ન શકીએ કે કયા એકમમાં કાયદા ભંગ થાય છે. તે માટે થાન મ્યુનીસીપાલીટીમાં માહીતી અધીકાર કાયદા હેઠળ અરજી કરીને તેમની હદમાં આવતા એકમોની માહીતી મેળવીને તે માહીતી ૯ માર્ચને રોજ કારાવી નીગમને ટપાલ દ્વારા મોકલી આપી. આટલું તો એ પોતે પણ કરી શકે પણ દાનત હોત તો ૩૩ વર્ષ જવા દીધા ન હોત. અમે અમદાવાદની નીગમની કચેરીમાં સંબંધીત અધીકારીની રુબરુ મુલાકાત પણ લીધી અને ચર્ચા કરી.
- ઝાલોદના શંકરપુરાના જશવંત મનજી ડામોર ગોધરાના ભારત સીલીકા નામના પથ્થર દળવાના એકમમાં મજુરી કરવા ગયા, સીલીકોસીસનો ભોગ બન્યા. સંસ્થાને જાણ થઇ તે પછી તેમને માટે લેબર કોર્ટમાં ૨૦૦૮માં ફરીયાદ કરી.તા.૨૬/૦૨/૧૫ના રોજ નામદાર કોર્ટે કામદારની તરફેણમાં ચુકાદો આપી કામદાર રાજય વીમા નીગમને અપંગતા લાભ ચુકવવા જણાવ્યું, નીગમે તે સામે ગુજરાત હાઇકોર્ટમાં અપીલ કરી. હાઇકોર્ટે તા.૦૨/૦૭/૧૮ને રોજ નીગમની સખ્ત શબ્દોમાં ઝાટકણી કાઢી અપીલ કાઢી નાખી. તે પછી નીગમે જશવંતભાઇને ચુકવણું કર્યું. જુન,૨૧માં જશવંતભાઇનું અવસાન થયું. તેતતિમના પત્નીએ આશ્રીત લાભ ચુકવવા દાવો કર્યો અને જરુરી દસ્તાવેજ જમા કરાવ્યા. હવે નીગમ તેમની પાસે સારવારના કાગળ માગે છે જે તેમની પાસે નથી. આ એક આંતરીયાળ આદીવાસી ગામમાં ડોકટર તો કયાંથી હોય? નજીકના સરકારી દવાખાને જરુર પડયે જાય. સીલીકોસીસની કોઇ સારવાર નથી પણ તાવ-શરદી-ખાંસી જેવું થાય ત્યારે દવા લેવા જવું પડે જેના કોઇ દસ્તાવેજ હોય નહી. માત્ર એટલા જ કારણસર એક વીધવાને તેના કાનુની અધીકારથી વંચીત રાખવામાં આવે છે. કરખાનામાં અકસ્માતમાં કામદાર મરણ પામે તેના દાવા માટે જે પ્રક્રીયા છે તે કરતાં વ્યવસાયીક રોગને કારણે મૃત્યુ પામે તો પ્રક્રીયા જુદી છે. અમે આ નીયમમાં સુધારો કરવા નીગમના ડાયરેકટર જનરલને તા.૩૧/૧૨/૨૧ને રોજ પત્ર લખી રજુઆત કરી છે પણ કોઇ જવાબ નથી. આ મુદ્દે અમે વારંવાર રજુઆત કરી રહ્યા છીએ.

## કોવીડ રાહતઃ

- ❖ ખંભાતમાં પડેલું ઓકસીજન કોન્સ્ન્ટ્રેટર બગડેલું પડયું હતું. જાનીસારભાઇનો એ સંબંધે ફોન આવતાં તેને રીપેર કરાવીને ખંભાતમાં જેને જરુર હોય તેને વાપરવા આપ્યું.
- ❖ ઇએસઆઇ અને વળતર કાયદા હેઠળ કોરોના માટે વળતર દાવો કરી શકાય તે માટે નોંધ તૈયાર કરી.
- ❖ કોરોનામાં ઇએસઆઇ કાયદા હેઠળ કયા લાભ મળે તેની નોંધ તૈયાર કરી

## નેટવર્કીંગઃ

સંસ્થાએ જન સ્વાસ્થ્ય અભીયાન (જેએસએ), એશીયા બાન એસ્બેસ્ટોસ નેટવર્ક (એબાન), એશીયન નેટવર્ક ઓફ રાઇટસ ઓફ એકસીડન્ટ એન્ડ એન્વાયર્નમેન્ટ વીકટીમ્સ (એનરોવ), ચાઇલ્ડ રાઇટસ કલેકટીવ ગુજરાત (સીઆરસીજી) વીગેરે સાથેના સંબંધો જાળવી રાખ્યા અને તે સંસ્થાઓની પ્રવૃત્તીઓમાં ભાગ લીધો.

- ✓ જેએસએના અંગ્રેજી નીવેદનનું ગુજરાતી કર્યું.

- ✓ મે મહીનામાં સીએસીએલની બેઠકમાં હાજરી આપી.
- ✓ જેઅસએ- ગુજરાત માટે કામને સ્થળે કોવીડ માટે કેટલું રક્ષણ મળે છે તેના સર્વે માટે ટુલ બનાવવાનું શરુ કર્યું.
- ✓ જેએસએ માટે એનવાયર્નમેન્ટલ એન્ડ ઓકયુપેશનલ હેલ્થ અંગે નોંધ બનાવી. ૧૩ સપ્ટેમ્બરે અભીયાનની વ્યવસાયીક આરુોગ્ય અને પર્યાવરણની થીમેટીક કમીટીની ઓનલાઇન બેઠકમાં તૈયાર કરેલી નોંધ પર વીશદ ચર્ચા કરવામાં આવી. ચર્ચામાં આવેલા સુચનોને આધારે નોંધમાં સુધારા કર્યા.
- ✓ ૧૭ સપ્ટેમ્બરે એશીયા બાન એસ્બેસ્ટોસની ઓનલાઇન બેઠકમાં ભાગ લીધો. ફરીથી ૨૮,૨૯ અને ૩૦ સપ્ટેમ્બરે એબાનની કોન્ફરન્સમાં હાજરી આપી.
- ✓ ૧૮ સપ્ટેમ્બરે ફેફસાંના રોગો અંગેની ઓનલાઇન બેઠકમાં ભાગ લીધો
- ✓ ૨૮ ઓકટોબરે એનરોવની કોન્ફરન્સમાં ફેફસાંના રોગો વીશેની વર્કશોપનું આયોજન કર્યું.
- ✓ ૧૨ નવેમ્બરે એનરોવ મીટીંગમાં ભાગ લીધો
- ✓ ૧૭ નવેમ્બરે જન સ્વાસ્થ્ય અભીયાનની સ્ટીયરીમગ કમીટીની બેઠકમાં ભાગ લીધો.
- ✓ ૨૬ નવેમ્બરે એનરોવની કોવીડ અંગેની બેઠકમાં ભાગ લીધો
- ✓ ૨૭ નવેમ્બરે જન સ્વાસ્થ્ય અભીયાન, ગુજરાતની જનરલ બોડી મીટીંગમાં આઇએલઓના વ્યવસાયીક રોગોના વૈશ્વીક અંદાજો પર પ્રેઝન્ટેશન રજુ કર્યું.
- ✓ ૩૦ નવેમ્બરે દીલ્હીની પ્રીયા સંસ્થા દ્વારા આયોજીત વેબીનારમાં તાલીમના અનુભવો પર પ્રેઝન્ટેશન રજુ કર્યું.
- ✓ ૩ ડીસેમ્બરે એનરોવની સ્ટીયરીંગ કમીટીની બેઠકમાં ભાગ લીધો
- ✓ ૪ ડીસેમ્બરે અમદાવાદ ખાતે બાંધકામ મઝદુર સંગઠન આયોજીત બેઠકમાં હાજર રહી રોડરસ્તાના બાંધકામના જોખમો બાબત પ્રેઝન્ટેશન આપ્યું.
- ✓ ૫ ડીસેમ્બરે સેઇફ ઇન ઇન્ડીયાની ઓન લાઇન બેઠકમાં હાજરી આપી
- ✓ ૧૧ ડીસેમ્બરે માહીતી અધીકાર ગુજરાત પહેલ દ્વારા આયોજીત બેઠકમાં ઓનલાઇન હાજરી આપી માહીતી અધીકાર કાયદા હેઠળ માહીતી માગવાના અનુભવો રજુ કર્યા.
- ✓ ૧૩ ડીસેમ્બરે પ્રયાસ સેન્ટર ફોર લેબર રીસર્ચ એન્ડ એકશન દ્વારા સુરત ખાતે આયોજીત બેઠકમાં ભાગ લીધો અને દ્રાક્ષના બગીચામાં કામ કરતા કામદારોને કયા રસાયણો વાપરે અને તેના જોખમો શા છે તે અંગે પ્રેઝન્ટેશન આપ્યું
- ✓ ૧૯ ડીસેમ્બરે વાઘોડીયા જીઆઇડીસી જઇ ભરતભાઇ રોહીતની મુલાકાત લઇ તેમને થયેલા અકસ્માત વીશે વીગતો મેળવી અને તેને આધારે અહેવાલ તૈયાર કરી સેઇફ ઇન ઇન્ડીયાને મોકલ્યો
- ✓ ૬ જાન્યુઆરીએ સુરત ખાતે બાંધકામ મઝદુર સંગઠનની બેઠકમાં હાજરી આપી કામને સ્થળે થતા અકસ્માતો અંગે કામદારો સાથે ચર્ચા કરી.
- ✓ ૨૦ જાન્યુઆરીએ અઝીમ પ્રેમજી ફાઉન્ડેશનના અધીકારીઓ સાથે ઓનલાઇન બેઠકમાં ભાગ લઇ વ્યવસાયજન્ય રોગોની સમસ્યા વીશે ચર્ચા કરી. તે પછી તેમની વીનંતીને માન આપી વ્યવસાયીક રોગો અને સલામતી મુદ્દે એક નોંધ તૈયાર કરી તેમને મોકલી આપી.
- ✓ ૨૧ જાન્યુઆરીએ બેંગ્લોરેની સંસ્થા "સોચારા"ના વીદ્યાર્થીઓ માટે આરોગ્ય ક્ષેત્રના કર્મચારીઓના વ્યવસાયીક આરોગ્ય અને સલામતીના મુદ્દે પ્રવચન રેકોર્ડ કર્યું અને ૨૯ જાન્યુઆરીએ તે અંગે વીદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી તેમના સવાલોના જવાબ આપ્યા.
- ✓ ૨૪ જાન્યુઆરીએ પીપલ્સ હેલ્થ મુવમેન્ટની બેઠકમાં ભાગ લીધો.
- ✓ ૩૦ જાન્યુઆરીએ પીપલ્સ યુનીયન ફોર સીવીલ લીબર્ટીઝની બેઠકમાં ભાગ લઇને સુપ્રીમ કોર્ટના હુકમનું પાલન ગુજરાત સરકાર કરતી નથી તે મુદ્દો રજુ કર્યો.
- ✓ ૧૨ માર્ચને દીવસે ફોરમ ફોર ફાસ્ટ જસ્ટીસ, પાલનપુર દ્વારા આયોજીત વેબીનારમાં મહીલા કામદારો અને વ્યવસાયીક આરોગ્ય અંગે પ્રેઝન્ટેશન રજુ કર્યું. રજુઆતને સારો પ્રતીસાદ મળ્યો.

## ભાગ લીધો/ હાજરી આપી/રજુઆત કરીઃ

૧. એપ્રીલમાં હેલ્થ ફોરમની બેઠકમાં હાજરી આપી

૨. એપ્રીલમાં જ "નાસવી"ની (ફેરીયાઓનું રાષ્ટ્રીય સંગઠન) મીટીંગમાં ભાગ લીધો.

૩. મે મહીનામાં રાષ્ટ્રીય માનવ અધીકાર પંચ દ્વારા આયોજીત ઓન લાઇન મીટીંગમાં ભાગ લીધો.કામદારોના રક્ષણની વાત કરી અને ઇએસઆઇ હોસ્પીટલોમાં સુવીધા માટે વાત કરી સીલીકોસીસના દર્દીઓને વધુ જોખમની વાત કરી.

૪. ૨૧ ઓગષ્ટને દીવસે બાંધકામ મઝદુર સંગઠન અને ખેત વીકાસ પરીષદને સંયુક્ત ઉપક્રમે ગોઠવાયેલ બેઠકમાં ઓએચએસ કોડ પર પ્રવચન આપ્યું. સદર કાર્યક્રમમાં વદોડરાના ડો.જગદીશ કામથે પણ આ જ વીષય પર પોતાના વીચાર રજુ કર્યા.
૫. ૨ સપ્ટેમ્બરના રોજ બેંગલોરની રામૈયા યુની દ્વારા યોજાયેલ વેબીનારમાં વ્યવસાયીક આરોગ્ય પર પ્રવચન આપ્યું.
૬. ૪ સપ્ટેમ્બરના રોજ આજીવીકા બ્યુરો દ્વારા તેમણે કરેલા અભ્યાસ પર પેનલ ચર્ચાનું આયોજન થયું તેમાં પેનલના સભ્ય તરીકે હાજરી આપી દરમીયાનગીરી કરી.
૭. ૨ ફેબ્રુઆરી, ૨૦૨૨નેરોજ હૈદરાબાદની એડમીનીસ્ટ્રેટીવ સ્ટાફ કોલેજના વીદ્યાર્થીઓ માટે સફાઇ કામદારોના જોખમો અને તેમના કાનુની અધીકારો અંગે પ્રેઝન્ટેશન આપ્યું.
૮. અમદાવાદ ખાતે તા.૧૨ ફેબ્રુઆરીને રોજ યોજાયેલ પીયુસીએલની બેઠકમાં હાજરી આપી.
૯. બાંધકામ કામદારોના સલામતી અને આરોગ્ય અંગે બાંધકામ મઝદુર સંગઠન માટે અંગ્રેજીમાં મેન્યુઅલ તૈયાર કરવાનું કામ સ્વીકાર્યું. આ કામ વીપુલ પંડયા સાથે રહીને સંયુક્તપણે કરવાનું નક્કી કર્યું.
૧૦. ૨૬ માર્ચને દીવસે પાલનપુર ખાતે યોજાયેલ યુવા શીબીરમાં હાજરી આપી વ્યવસાયીક આરોગ્ય અને યુવાનો સાથે શાણૌ સમાજ- સારો સમાજ કઇ રીતે બને, તેમના માટે પ્રેરણા અને જ્ઞાનના સ્રોતો અંગે જાત અનુભવોને આધારે ચર્ચા કરી.
૧૧. ૨૭ માર્ચને રોજ અમદાવાદ ખાતે યજ્ઞ પ્રકાશન દ્વારા નવા પ્રકાશનોના વીમોચનના કાર્યક્રમમાં હાજરી આપી પર્યાવરણ અને કેન્સર વીષય પર અગાઉના વર્ષોમાં કરેલા કાર્યક્રમોની માહીતી શ્રોતાઓને આપી.

**પ્રેસમાં પીટીઆરસીઃ**

**ન્યુઝ ચેનલઃ**

૧. ૨૧ ઓગષ્ટે અમદાવાદની કે ન્યુઝ ચેનલ દ્વારા કારખાનામાં થતા અકસ્માતો અંગે જગદીશ પટેલનો ઇન્ટરવ્યુ લેવાયો જે ૨૮ ઓગષ્ટને રોજ પ્રસારીત થયો.
૨. ૨૮ ડીસેમ્બરે ગુજરાત સરકારની “વંદે ગુજરાત” ચેનલ પર વ્યવસાયજન્ય કેન્સર અને વ્યવસાયજન્ય ફેફસાંના રોગો અંગે બે લેક્ચર રેકોર્ડ કર્યા.

**માધ્યમોઃ**

| અનુ | માધ્યમ | તારીખ | મથાળું |
|---|---|---|---|
| ૧ | કાઉન્ટરવ્યુ | ૧૬/૦૬/૨૧ | Contempt? Silicosis deaths: Gujarat govt 'not executing' SCorder to pay compensation |
| ૨ | સંદેશ | ૧૬/૦૬/૨૧ | ગુજરાત સરકાર સીલીલોસીસ અંગે  સુપ્રીમ કોર્ટ અને એન.એચ.આર.સીના આદેશ માનતી નથી |
| ૩ | ગુજરાત મીત્ર | ૦૫/૦૭/૨૧ | ખંભાતના સીલીકોસીસ પીડીતોનું જીવન દુષ્કર, વળતરની આશા પણ ઠગારી નીવડી |
| ૪ | ગુજરાત એક્સક્લુઝીવ | ૦૮/૦૮/૨૧ | સરકાર અને સુપ્રીમ કોર્ટના હુકમને પાંચ વર્ષ થયા છતાં હાજુ અમલ થયો નથી – પીટીઆરસીhttps://gujaratexclusive.in/letter-written-by-peoples-training-and-research-center-to-the-chief-minister-of-gujarat/ |
| ૫ | દીવ્ય ભાસ્કર | ૦૯/૦૮/૨૧ | સીલીકોસીસ પીડીતો માટે સુપ્રીમ કોર્ટના આદેશનું પાલન કરવા માગ |
| ૬ | ઇન્ડીયન એક્સપ્રેસ | ૨૭/૧૦/૨૧ | 98.5%workers in ceramic factories in Thangadh don't have ESI coverage |
| ૭ | નવગુજરાત સમય | ૨૮/૧૦/૨૧ | સીરામીક ઉદ્યોગના કામદારોને સામાજીક સુરક્ષાના કાયદા લાગુ પડતા ન હોય તેવી સ્થીતી |
| ૮ | કાઉન્ટર વ્યુ | ૨૯/૧૦/૨૧ | Despite fatal silicosis, Gujarat ceramic hub 'evades' health insurance, minimum wage |
| ૯ | ફ્રી પ્રેસ જર્નલ | ૦૨/૧૧/૨૧ | Gujarat's Thangadh is India's hub of ceramics or hotbed of silicosis? |
| ૧૦ | ઇન્ડીયન એક્સપ્રેસ | ૧૨/૧૨/૨૧ | Seeking info from govt via RTI becoming hard: activists |
| ૧૧ | સરદાર ગુર્જરી | ૦૮/૧૨/૨૧ | જીવલેણ સીલીકોસીસનો ભોગ બનતા અકીક વ્યવસાયમાં જોડાયેલા કારીગરો |

| | | | |
|---|---|---|---|
| ૧૨ | સમય | ૧૦/૧૨/૨૧ | કાળમુખા સીલીકોસીસ રોગથી મૃત્યુ પામનારના કુટુંબને વળતર માટે લડવી પડતી લાંબી કાનુની લડાઇ |
| ૧૩ | ભુમીપુત્ર (સામયીક) | ૦૧/૦૧/૨૨ | થાનના સીરામીક કામદારોની સ્થીતી અંગે અભ્યાસ |
| ૧૪ | સંદેશ | ૧૫/૦૩/૨૨ | ખંભાતના ધારાસભ્યને વીધાનસભામાં પ્રશ્ન પુછવા રજુઆતઃ સીલીકોસીસથી મૃત્યુ પામનારને સહાય પેટે રુ.૩ લાખ ચુકવવામાં તંત્રના ઠાગાઠૈયા |
| ૧૫ | ગુજરાત સમાચાર | ૧૬/૦૩/૨૨ | ખંભાતમાં સીલીકોસીસથી વધુ એકનું મોતઃ મૃત્યુ આંક ૨૧ સુધી આંબી ગયો |
| ૧૬ | દીવ્ય ભાસ્કર | ૧૬/૦૩/૨૨ | ખંભાત તાલુકામાં સીલીકોસીસે પુનઃ માથું ઉંચક્યું: વધુ એક પીડીતનું મોત |
| ૧૭ | અભીયાન (સામયીક) | ૧૯/૦૩/૨૨ | સીલીકોસીસઃ કલાત્મક આભુષણોના કારીગરોને થતો જીવલેણ રોગ |

**નાણાંકીય અહેવાલઃ**

વર્ષ દરમીયાન સંસ્થાને ગ્રાન્ટ અને દાન પેટે રુ.૨,૮૪,૫૩૬/- અને વ્યાજની આવક થઇ રુ.૧૪,૨૦૦/-. સંસ્થાએ તેના હેતુઓ માટે રુ.૫,૦૮,૭૫૭.૬૦નો ખર્ચ કર્યો.એટલે કે આવક કરતાં રુ. ૨,૨૪,૨૨૧/- વાધુ ખર્ચ કર્યો.

અમારામાં વીશ્વાસ રાખવા માટે અને અમારા કામોને ટેકો આપવા માટે અમે અમારા દાતાઓ, ટેકેદારો અને સહાનુભુતી ધરાવનારાઓનો હૃદયપુર્વક આભાર માનીએ છીએ.

**દાતાઓની યાદીઃ**

| અનુક્રમ | નામ | ઠેકાણું | રકમ |
|---|---|---|---|
| 1 | ડો. જગદીશ પરીખ | અમદાવાદ | 20,000/- |
| 2 | શ્રી જયદેવ ગોકુલગાંધી | મુંબઇ | 05,000/- |
| 3 | સુશ્રી હીના ગોકુલગાંધી | મુંબઇ | 05,000/- |
| 4 | ડો. જગદીશ કામથ | વડોદરા | 05,000/- |
| 5 | અનામી | મુંબઇ | 07,000/- |
| 6 | ડો. વસુમતી ગોકાણી | અમદાવાદ | 05,000/- |
| 7 | ડો.સદાનંદ નાડકર્ણી | મુંબઇ | 07,500/- |
| 8 | શ્રી અતુલ ગોવીદભાઇ રાવલ | અમદાવાદ | 60,000/- |
| 9 | શ્રી રમેશ પટેલ | કરમસદ | 60,000/- |
| 10 | શ્રી સંજીવ પંડીતા | જમ્મુ | 50,000/- |
| 11 | શ્રી ઘનશ્યામ પટેલ | વડોદરા | 01,000/- |
| 12 | સુશ્રી તરુલતા પટેલ | નડીયાદ | 06,000/- |
| | કુલ | | 02,31,500/- |

**અમારી ટીમઃ**

કોરોનાને કારણે સંસ્થાને મળતા દાન/ગ્રાન્ટ પર અસર પડી તે કારણે ખર્ચ ઘટાડવાનો નીર્ણય લેવો પડયો અને તેના અનુસંધાને કાર્યકરોની સંખ્યા ઘટાડવાની ફરજ પડી. શ્રી દીપક રાઠોડે થાન, ધ્રાંગધ્રા અને મોરબીમાં કામ ચાલુ રાખ્યું. ખંભાત પુરા સમયના કોઇ કાર્યકર ન હતા પણ અમે વચ્ચે વચ્ચે જવા-આવવાનું ચાલુ રાખ્યું. વડોદરામાં નીરંજના પટેલ હીસાબનીશ તરીકે ચાલુ રહ્યાં.